# પ્રસાર ભારતી

## નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 13-Nov-2024 બપોરે : 1.20થી 1.30

વાર : બુધવાર

આકાશવાણી સમાચાર બકુલા પરમાર વાંચે છે.

---

- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બિહારનાં દરભંગામાં 12 હજાર કરોડ રૂપિયાનાં ખર્ચની વિકાસ પરિયોજનાઓનો શિલાન્યાસ અને લોકાર્પણ કર્યું.
- ✓ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ જણાવ્યું કે, પ્રવાસનનો વિકાસ માત્ર આપણા વારસાને પ્રોત્સાહન આપવા માટે જ નહીં પરંતુ યુવાનો માટે રોજગારીની મોટી તકો ઉભી કરે છે.
- ✓ ઝારખંડ વિધાનસભા ચૂંટણીનાં પ્રથમ તબક્કામાં ચાર કલાકમાં 29 ટકા અને વાયનાડ લોકસભા બેઠક પર 27 ટકા મતદાન..
- ✓ વાવ વિધાનસભા બેઠકની પેટાચૂંટણીમાં 1 વાગ્યા સુધી 39.12 ટકા મતદાન..
- ✓ આજથી હૈદરાબાદમાં ઇન્ડિયા ગેમ ડેવલપર કોન્ફરન્સ- IGDCની 16મી આવૃત્તિનો પ્રારંભ થશે.
- ✓ ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે ત્રીજી ટી-20 ક્રિકેટ મેચ આજે સાંજે સેન્ચુરિયનમાં રમાશે..

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## *PM BIHAR*

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે બિહારનાં દરભંગામાં 12 હજાર કરોડ રૂપિયાનાં ખર્ચની અનેક વિકાસ પરિયોજનાઓનો શિલાન્યાસ અને લોકાર્પણ કર્યું. તેમણે દરભંગામાં ઓલ ઇન્ડિયા ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સિસ-AIIMSના શિલાન્યાસ પ્રસંગે જણાવ્યું કે, બિમારીથી બચવા પર સરકારનું ફોકસ છે. આ એઇમ્સની સ્થાપનાથી નેપાળનાં દર્દીઓ પણ સારવાર કરી શકશે.

12 અબજ 60 કરોડનાં ખર્ચે બનનાર એઇમ્સમાં સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલ અને આયુષ બ્લોક, મેડિકલ કોલેજ, નર્સિંગ કોલેજ, રેન બસેરા જેવી સુવિધા હશે.

અમારા પ્રતિનિધી જણાવે છે કે, દરભંગા એઇમ્સનું નિર્માણ આગામી ત્રણ વર્ષમાં કરવામાં આવશે. તેનાથી મિથિલાંચલ વિસ્તારનાં લોકોની અપેક્ષાઓ પૂર્ણ થશે.

પ્રધાનમંત્રીએ 68 અબજ રૂપિયાનાં ખર્ચની રાષ્ટ્રીય રાજમાર્ગ પરિયોજના અને રેલવે પરિયોજનાઓનું પણ ઉદઘાટન અને શિલાન્યાસ કર્યો. તેમણે દેશનાં વિવિધ રેલવે સ્ટેશનો પર 18 ભારતીય જનઔષધિ કેન્દ્રોનું ઉદઘાટન કર્યું. શ્રી મોદીએ પેટ્રોલિયમ અને કુદરતી ગેસ ક્ષેત્રમાં 40 અબજ 20 કરોડ રૂપિયાનાં ખર્ચની વિવિધ પરિયોજનાઓનું ખાતમૂહુર્ત પણ કર્યું.

## *PM-NIGERIA-BRAZIL-GUYANA-VISIT*

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 16મી નવેમ્બરથી નાઈજીરીયા, બ્રાઝિલ અને ગુયાનાની મુલાકાતે જશે. તેઓ 16થી 17 નવેમ્બર દરમિયાન નાઈજીરીયાની મુલાકાત લેશે. મુલાકાત દરમિયાન, તેઓ બંને દેશો વચ્ચે વ્યૂહાત્મક ભાગીદારીની સમીક્ષા કરવા અને દ્વિપક્ષીય સંબંધોને વધારવા અંગે વાતચીત કરશે.

શ્રી મોદી 18 અને 19 નવેમ્બર દરમિયાન G20 સમિટમાં ભાગ લેવા માટે બ્રાઝિલના રિયો ડી જાનેરો જશે. શ્રી મોદી જી-20 પરિષદ દરમિયાન અનેક નેતાઓને પણ મળશે.

જ્યારે 19 થી 21 નવેમ્બર દરમિયાન તેઓ ગુયાનાની મુલાકાત લેશે. 1968 પછી કોઈ ભારતીય પ્રધાનમંત્રી દ્વારા ગુયાનાની આ પ્રથમ મુલાકાત હશે. મુલાકાત દરમિયાન, પ્રધાનમંત્રી ગુયાનાના રાષ્ટ્રપતિ અલી સાથે ચર્ચા કરશે, અન્ય વરિષ્ઠ નેતાઓને મળશે, ત્યાંની સંસદને સંબોધિત કરશે અને ભારતીય સમુદાયના લોકોને પણ સંબોધશે.

## *PRESIDENT DAMAN AND DIU VISIT*

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ જણાવ્યું કે, પ્રવાસનનો વિકાસ માત્ર આપણા વારસાને પ્રોત્સાહન આપવા માટે જ નહીં પરંતુ યુવાનો માટે રોજગારીની મોટી તકો પણ ઉભી કરે છે. રાષ્ટ્રપતિ કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવની ત્રણ દિવસની મુલાકાતે છે, તેમણે આજે રમત ક્ષેત્ર અને ઝંડા ચોક સ્કૂલ અને ગેમ ઝોન ફેઝ 2 સહિત

કેન્દ્રશાસિત પ્રદેશમાં વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કર્યું હતું. આ પ્રસંગે સંબોધન કરતાં તેમણે રાષ્ટ્રપતિએ પ્રદેશના પ્રવાસન, શિક્ષણ અને ઔદ્યોગિક વિકાસમાં કેન્દ્રશાસિત પ્રદેશ દમણ દીવ અને દાદરા નગર હવેલી વહીવટીતંત્રના પ્રયાસોની પ્રશંસા કરી હતી. રાષ્ટ્રપતિએ વિકસિત ભારતના વિઝનને હાંસલ કરવા માટે ગામડાઓના વિકાસ પર પણ ભાર મૂક્યો હતો. રાષ્ટ્રપતિએ આદિવાસી સમુદાયોના કલ્યાણ માટે કેન્દ્ર સરકારની પ્રતિબદ્ધતાને પણ વર્ણવી હતી

અગાઉ, રાષ્ટ્રપતિએ સિલ્વાસામાં NAMO મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટની પણ મુલાકાત લીધી હતી. બાદમાં રાષ્ટ્રપતિ દીવમાં INS ખુકરી મેમોરિયલની મુલાકાત લેશે.

## *JHARKHAND VOTING*

ઝારખંડ વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કામાં ......11 વાગ્યા સુધીમાં 29.31 ટકા મતદાન નોંધાયું છે. આજે  સવારે સાત વાગ્યે કડક સુરક્ષા વ્યવસ્થા વચ્ચે 15 જિલ્લાની 43 બેઠકો પર મતદાન શરૂ થયું છે. 31 બેઠકોના 950 સંવેદનશીલ મતદાન મથકને બાદ કરતાં અન્ય તમામ સ્થળોએ મતદાન સવારે 7 વાગ્યાથી શરૂ થયું છે અને સાંજે 5 વાગ્યે પૂર્ણ થશે, જ્યારે સંવેદનશીલ બૂથ પર સાંજે 4 વાગ્યા સુધી મતદાન થશે. આ તબક્કામાં 1 કરોડ 37 લાખથી વધુ મતદારો 73 મહિલાઓ સહિત 6 હજાર 083 ઉમેદવારોના રાજકીય ભાવિનો નિર્ણય કરશે. સેરાયકેલાથી ભારતીય જનતા પાર્ટીના ભૂતપૂર્વ મુખ્ય મંત્રી  ચંપાઈ સોરેન, રાંચીથી રાજ્યસભાના

સાંસદ અને jmm ઉમેદવાર મહુઆ માજી, લોહરદગાથી કોંગ્રેસના રામેશ્વર ઓરાઓન, જમશેદપુર (પશ્ચિમ)થી જનતા દળ (યુનાઈટેડ)ના સરયૂ રાય અને AJSUના હરે લાલ ઈચ્છાગઢથી મહતો આ તબક્કાના લોકપ્રિય ઉમેદવારોમાં સામેલ છે.

## *WAYANAD VOTING*

કેરળની વાયનાડ સંસદીય બેઠક તથા 11 રાજ્યોની 33 વિધાનસભા બેઠકો પર પેટાચૂંટણી માટે મતદાન થઇ રહ્યું છે. તેમાં રાજસ્થાનની સાત, પશ્ચિમ બંગાળની છ, આસામની પાંચ, બિહારની ચાર, કર્ણાટકની ત્રણ અને મધ્યપ્રદેશ અને સિક્કિમની બે-બે બેઠકોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત કેરળ, છત્તીસગઢ, ગુજરાત અને મેઘાલયમાં એક-એક બેઠક માટે વિધાનસભા પેટાચૂંટણી પણ યોજાઇ છે.

વાયનાડ લોકસભાની ચૂંટણીમાં..11... વાગ્યા સુધીમાં..આશરે 27 ટકા મતદાન થયું છે. આ બેઠક પર યુનાઇટેડ ડેમોક્રેટિક ફ્રન્ડ-UDF માંથી પ્રિયંકા ગાંધી, લેફ્ટ ડેમોક્રેટિક ફ્રન્ડ-LDF માંથી સત્યન મોકેરી અને નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ-NDA માંથી નવ્યા હરિદાસ વચ્ચે ત્રિકોણીય સ્પર્ધા છે. આ બેઠક પર કુલ 16 ઉમેદવારો છે.

## *VAV – BY ELECTION*

ગુજરાતના બનાસકાંઠા જિલ્લાની વાવ વિધાનસભા બેઠકની પેટા ચૂંટણી માટેનું મતદાન શાંતિપૂર્ણ માહોલમાં ચાલી રહ્યું છે. બપોરે એક વાગ્યા સુધીમાં 39.12 ટકા મતદાન થયું હતું.

કુલ 321 મતદાન મથકો પર સવારે સાંત વાગ્યાથી શરૂ થયેલી મતદાન સાંજે છ વાગ્યા સુધી ચાલશે અને 3 લાખ 10 હજારથી વધુ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે.

અમારા સંવાદદાતાના જણાવ્યા મુજબ, વાવ વિધાનસભા પેટા ચૂંટણીમાં રાજકીય પક્ષના ઉમેદવારો સહિત કુલ 10 ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે. આ બેઠક પર કુલ ત્રણ તાલુકાના 179 મતદાન મથકોનો સમાવેશ કરાયો છે અને કુલ 321 મતદાન બુથ છે. પેટા ચૂંટણીમાં 1400 જેટલાં કર્મચારીઓ ફરજ બજાવી રહ્યા છે. ૨૩ નવેમ્બરનાં રોજ પરિણામ જાહેર થશે.

## *INDIA GAME DEVELOPER CONFERENCE*

આજથી હૈદરાબાદમાં ઇન્ડિયા ગેમ ડેવલપર કોન્ફરન્સ- IGDCની 16મી આવૃત્તિનો પ્રારંભ થઇ રહ્યો છે. ત્રણ દિવસની આ કોન્ફરન્સમાં આશરે 20 હજાર લોકો ભાગ લે તેવી સંભાવના છે. ગેમ ડેવલપર એસોસિએશન ઓફ ઇન્ડિયા- GDAI દ્વારા આયોજિત  આ કોન્ફરન્સમાં ભારતનાં ગેમિંગ અને ઇન્ટરએક્ટિવ એન્ટરટેઇનમેન્ટ સેક્ટરની ઝડપી વૃધ્ધિ પર ફોકસ કરવામાં આવશે. માહિતી અને પ્રસારણ સચિવ સંજય

જાજુ આજે કોન્ફ્રન્સમાં હાજરી આપશે. આયોજકોનાં જણાવ્યા પ્રમાણે કોન્ફરન્સમાં 150થી વધુ સત્રો યોજાશે અને 250થી વધુ વક્તાઓ ભાગ લેશે.

અમારા પ્રતિનિધિ જણાવે છે કે, IGDC વિશ્વની ટોચની ત્રણ વિડીયો ગેમિંગ કોન્ફરન્સમાં સ્થાન પામે છે.

## *RENEWABLE ENERGY- CHINTAN SHIVIR*

નવી અને પુનઃપ્રાપ્ય ઊર્જા મંત્રાલય દ્વારા ભુવનેશ્વરના ઓડિશામાં આવતીકાલથી બે દિવસીય ચિંતન શિબિર યોજાશે. જેમાં વર્ષ 2030 સુધીમાં 500 ગીગાવોટ અને 2047 સુધીમાં 1800 ગીગાવોટના લક્ષ્યને હાંસલ કરવાની વ્યૂહરચનાઓ પર ધ્યાન કેન્દ્રિત કરાશે. કેન્દ્રીય નવી અને પુનઃપ્રાપ્ય ઉર્જા મંત્રી પ્રહલાદ જોશી આ કાર્યક્રમનું ઉદ્ઘાટન કરશે જ્યારે ઉર્જા રાજ્ય મંત્રી શ્રીપદ નાઈક, ઓડિશાના મુખ્યમંત્રી મોહન ચરણ માઝી અને રાજ્યના અન્ય વરિષ્ઠ અધિકારીઓ આ કાર્યક્રમમાં સંબોધન કરશે. આ ચિંતન શિબિરનો ઉદ્દેશ્ય અગ્રણી નિર્ણય લેનારાઓ, નાણાકીય સંસ્થાઓ, ઉદ્યોગપતિઓ, સીઈઓ અને કેન્દ્ર અને રાજ્ય સરકારોના મુખ્ય અધિકારીઓને સાથે લાવવાનો છે જેઓ ભારતની પુનઃપ્રાપ્ય ઉર્જા યાત્રા માટે અભિન્ન છે. સહભાગીઓ વિવિધ વિષયોના સત્રો દ્વારા ક્ષેત્રના મુખ્ય અને ઉભરતા મુદ્દાઓ પર વિચારણા કરશે.

## *REV.CRICKET-IND-SA*

ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે ચાર મેચોની શ્રેણીની ત્રીજી T20 ક્રિકેટ મેચ આજે સાંજે રમાશે. આ મેચ દક્ષિણ આફ્રિકાના સેન્ચ્યુરિયન સુપરસ્પોર્ટ પાર્કમાં ભારતીય સમય અનુસાર રાત્રે 8.30 વાગ્યે શરૂ થશે.

દક્ષિણ આફ્રિકાએ બીજી મેચમાં ત્રણ વિકેટથી જીત મેળવ્યા બાદ શ્રેણીની 1-1ની બરાબરી પર છે. ભારતે શ્રેણીની પ્રથમ મેચ 61 રને જીતી હતી.

## *JAPAN MASTERS: SINDHU*

ભારતનાં બેડમિન્ટન સ્ટાર પીવી સિંધુ કુમામોટો માસ્ટર્સ જાપાન સુપર 500 ટુર્નામેન્ટમાં 16મા રાઉન્ડમાં પ્રવેશ્યા છે. સિંધુએ માત્ર 38 મિનિટમાં થાઇલેન્ડના બુસાનન ઓંગબામરુંગફનને 21-12, 21-8થી હરાવ્યા હતા.

આજે સાંજે રમાનારી અન્ય મેચમાં ભારતનાં લક્ષ્ય સેન મલેશિયાનાં લિઓંગ જુન હાઓ સામે રમશે.

## *ATP TENNIS FINALS*

ભારતના રોહન બોપન્ના અને તેના ઓસ્ટ્રેલિયાના સાથી ખેલાડી મેથ્યુ એબ્ડેન આજે એટીપી ટેનિસ ફાઈનલ્સની તેમની બીજી મેચ રમશે. મેચ ભારતીય સમય અનુસાર સાંજે 4 વાગ્યે શરૂ થશે. સોમવારે રમાયેલી પ્રથમ મેચમાં બોપન્ના અને એબ્ડેનને ઇટાલિયન જોડી સામે હારનો સામનો કરવો પડ્યો હતો. આવતીકાલે છેલ્લી ગ્રુપ મેચમાં, બોપન્ના અને

એબ્ડેનની જોડી કેવિન ક્રાવિત્ઝ અને ટીમ પુટ્ઝ સામે રમશે. તમામ જોડીઓ તેમના જૂથની અન્ય તમામ જોડી સામે રમશે. ગ્રુપ સ્ટેજ પછી, દરેક ગ્રુપમાંથી ટોપ બે જોડી સેમિફાઈનલમાં જશે.